સુવિચાર : પ્રેમ જયારે વહે છે ત્યારે અનુકંપા બને છે જયારે તે ઉછળે છે ત્યારે ક્રોધ બને છે - શ્રી શ્રી રવિશંકર

તાપમાન
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૨૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૨૮ | ૯ ફેબ્રુઆરી, ૨૦૧૬, મંગળવાર ; મહા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મુંબઈ હુમલા પહેલા બે પ્રયાસ કરાયા હતા : હેડલી

## ડેવિડ હેડલીના અનેક ચોંકાવનારા ધડાકા : મુંબઈની ખાસ અદાલત સમક્ષ વિડિયો કોન્ફરન્સિંગ મારફતે ઉપસ્થિત રહેલા હેડલીએ મુંબઈ હુમલા અંગે માહિતી આપી : આજે પણ કાર્યવાહી જારી હશે

મુંબઈ,તા. ૮

નવેમ્બર ૨૦૦૮માં મુંબઈમાં થયેલા ભીષણ આતંકવાદી હુમલા મામલામાં મુખ્ય સાક્ષી અને ખતરનાક ત્રાસવાદી ડેવિડ કોલમેન હેડલીએ આજે જુબાની આપતી વેળા અનેક ચોંકાવનારા ધડાકા કર્યા હતા. હેડલીએ કહ્યું હતું કે, મુંબઈ હુમલાને અંજામ આપતા પહેલા લશ્કરે તોઈબા દ્વારા બે પ્રયાસો કરવામાં આવ્યા હતા. મુંબઈની ખાસ અદાલતમાં આવતીકાલે પણ તેની જુબાનીનો દોર જારી રહેશે. આવતીકાલે સવારે ૭ વાગ્યાથી વિડિયો કોન્ફરન્સિંગ મારફતે જુબાની આગળ વધશે. જુબાની દરમિયાન હેડલીએ મુંબઈ હુમલાની યોજના અને ઘટનાક્રમ અંગે વિગતવાર માહિતી આપી હતી જે ભારતીય ઈન્ટેલીજન્સ સંસ્થાઓને ચોંકાવી શકે છે. હેડલીએ કહ્યું હતું કે, મુંબઈ હુમલા પહેલા બે વખત પ્રયાસ કરાયા હતા જે પૈકી પ્રથમ પ્રયાસ સપ્ટેમ્બર ૨૦૦૮માં કરાયો હતો જે નિષ્ફળ ગયો હતો. કારણ કે બોટ ચટ્ટાન સાથે ટકરાઈ ગઈ હતી અને તમામ વિસ્ફોટકો અને હથિયારો નષ્ટ થઈ ગયા હતા. જો કે, ત્રાસવાદીઓ બચી ગયા હતા. હેડલીએ કહ્યું હતું કે, બીજો પ્રયાસ એક મહિના મોડેથી કરવામાં આવ્યો હતો. આજ લોકો હતા. બીજો પ્રયાસ કઈ રીતે અને કેમ કરાયો હતો તે અંગે માહિતી આપી ન હતી. વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણીએ કહ્યું હતું કે, હેડલીએ ખાસ અદાલત સમક્ષ કહ્યું હતું કે, તે જમાત ઉદ દાવાના લીડલ હાફીઝ સઈદની સલાહ ઉપર કામ કરી રહ્યો હતો. લશ્કરે તોઈબા સાથે તે

● અનુસંધાન પાન-૭ પર



**વિશ્વશાંતિનો સંદેશ** - વિશ્વના ચાર દેશોનું પ્રતિનિધિત્વ કરતા નૃત્યો દ્વારા વિશ્વશાંતિનો સંદેશ સોમવારે સાંજે મહાત્મા મંદિર ખાતે દિલ્હી પબ્લીક સ્કૂલના બાળકોએ અદ્‌ભૂત અભિવ્યક્તિ દ્વારા રજૂ કર્યો હતો. રંગોળીની સુંદર સજાવટ સાથે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં એક-એકથી ચડિયાતી કૃતિઓ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. શહેરની શૈક્ષણિક સંસ્થાઓની સાંસ્કૃતિક અભિવ્યક્તિનું સ્તર દિન-પ્રતિદિન પ્રસંશનીય બની રહ્યું છે... થીમ બેઝ કાર્યક્રમો દ્વારા સમાજને સંદેશ આપવાનો બાળકો દ્વારા થતો પ્રયાસ સામાજીક-શૈક્ષણિક ક્રાંતિમાં ઉપકારક નિવડી રહ્યો છે... શહેરની અનેક શાળા-કૉલેજોમાં બાળકો દ્વારા રજૂ કરાતા કાર્યક્રમોની ગુણવત્તા શ્રેષ્ઠત્તમ બની રહી છે અને એનું ગાંધીનગરને ગૌરવ છે... આ જ બાળકો ગાંધીનગરના સમાજની ઓળખ બદલવા તત્પર બન્યા છે... (તસવીર : દિપક જાની)

# કલમ ૮૦સી મુક્તિ ત્રણ લાખ કરવા માંગ

## પીપીએફ પગાર મુક્તિ મર્યાદાને વધારીને ૧.૯ કરવાની માંગ : સર્વિસ ટેક્સને બે ટકા સુધી ઘટાડી દેવાની પણ માંગ કરાઈ : હોસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થાઓને સર્વિસ ટેક્સની જાળથી દૂર રાખવા માટેની માંગ થઈ

નવી દિલ્હી,તા. ૮

નાણાંી પ્રધાન અરૂણ જેટલી ૨૯મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરે તે પહેલા સામાન્ય લોકોની ઈચ્છા શુ છે તેને લઈને કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક મહત્વપૂર્ણ ઈચ્છા લોકોની હોવાની માહિતી સપાટી પર આવી છે. બજેટને લઈને સામાન્ય લોકો જે આશા રાખે છે તેમાં મુખ્ય ઈચ્છા પીપીએફ પગાર મુક્તિને વર્તમાન ૧.૫ લાખથી વધારીને ૧.૯ લાખ કરવાની માંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સામાન્ય લોકો ઈચ્છે છે કે બજેટમાં કલમ ૮૦સી મુક્તિને વર્તમાન બે લાખથી વધારીને ત્રણ લાખ રૂપિયા કરી દેવામાં આવે. આવી જ રીતે સામાન્ય લોકોએ સર્વિસ ટેક્સને બે ટકા સુધી ઘટાડી દેવાની માંગ પણ કરી છે. બજેટ પહેલા લોકોની

ઈચ્છા જાણવાના પ્રયાસો કરવામાં આવ્યા બાદ અન્ય કેટલીક ઈચ્છા પણ જાળવા મળી હતી. જે મુજબ ખાનગી હોસ્પિટલોમાં લેવામાં આવતા ચાર્ડ પર નજર રાખવા માટે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા અથવા તો ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની જેમ એક અલગ સ્વતંત્ર ઓથોરિટીની રચના કરવાની માંગ કરવામાં આવી છે. સામાન્ય લોકો ઈચ્છે છે કે ભ્રષ્ટાચારને રોકવા માટે કેશલેશ ઈકોનોમીની તરફેણ કરવામાં આવી છે. જેમાં કહેવામાં

● અનુસંધાન પાન-૭ પર



પાટીદાર લીડર હાર્દિક પટેલ અને અન્યોને આજે અમદાવાદની મેટ્રો કોર્ટમાં સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઉપસ્થિત કરવામાં આવ્યા હતા....

# હાર્દિક કેસમાં ૨૨મીએ વધુ સુનાવણી

અમદાવાદ, તા.૮

રાજદ્રોહના ગુનામાં પાટીદાર લીડર હાર્દિક પટેલ અને અન્યોને આજે અમદાવાદની મેટ્રો કોર્ટમાં સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઉપસ્થિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સેશન કોર્ટમાં કેસ કમિટ થયો હતો. હવે આ કેસની વધુ સુનાવણી ૨૨મી ફેબ્રુઆરીના દિવસે હાથ ધરવામાં આવનાર છે. હાર્દિક પટેલ હાલ સુરતની લાજપોર જેલમાં છે. આજે અમદાવાદ લવાયા બાદ સુનાવણી ૨૨મી ઉપર જતાં તેને ફરી લાજપોર જેલમાં લઈ જવાયો છે. કોર્ટ સંકુલમાં જોરદાર નારાજાબી કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન સઘન સુરક્ષા રાખવામાં આવી હતી. ગુજરાતમાં અનામત આંદોલન છેડનાર પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર અને રાજદ્રોહના ગુના હેઠળ પકડાયેલા હાર્દિક પટેલ, દિનેશ પટેલ, ચિરાગ અને કેતનને આજે સાબરમતી જેલમાંથી મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં સઘન પોલીસ બદોબસ્ત હેઠળ રજુ કરવામાં આવ્યા હતા. કોર્ટ સંકુલમા સવારે ૧૧ વાગે હાર્દિક સહિતના ચાર પાટીદારોને હાજર કરવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ પ્રદેશ પ્રમુખ મામલે હજુ અસમંજસભરી સ્થિતિ

## ભુપેન્દ્રસિંહ ચુડાસમાની પસંદગી થઇ હોવાના અહેવાલને ભાજપના પ્રવક્તાનું ખંડન : ટૂંક સમયમાં જ જાહેરાત થવાની સ્પષ્ટતા

અમદાવાદ, તા.૮

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખના નામ પર સર્વ સમંતિ સાધવાના છેલ્લી ઘડીના પ્રયાસ રૂપે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના દિલ્હી ખાતેના નિવાસ સ્થાને મળેલી બેઠકમાં પ્રદેશ પ્રમુખનું કોકડુ વધુ ગુંચવાયું છે અને હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપના ગુજરાતના નવા પ્રમુખની પસંદગી કરશે અને ટૂંક સમયમાં તેની દિલ્હીથી સત્તાવાર જાહેરાત થઈ જશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના દિલ્હી નિવાસ સ્થાને રવિવારે મળેલી બેઠકમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ આર સી ફળદુ, મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા વગેરે હાજર રહ્યા હતા. જ્યાં એવું કહેવાય છે કે, છેલ્લી ઘડીના પ્રયાસમાં પણ સર્વસમંતિ નહિ સંધાતા આખરે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જ સમગ્ર મામલો સુચન કરવાનો નિર્ણય લેવાયો હતો. વિધાન સભાની ચૂંટણીમાં ભાજપને મદદરૂપ થઈ શકે અને જીતાડી શકે તેવા મજબુત અને સતત દોડી શકે તેવા પ્રદેશ પ્રમુખની પસંદગી કરી દિલ્હીથી ટૂંક સમયમાં જ જાહેરાત કરાશે તેવી વિગતો સાપડી છે. દરમિયાન આજ સાંજથી સોશ્યલ મીડિયામાં ભુપેન્દ્રસિંહ ચુડાસમાની પ્રદેશ પ્રમુખ તરીકે પસંદગી થઈ હોવાના અહેવાલો ફરતા થતા રાજકીય ક્ષેત્રે

● અનુસંધાન પાન-૭ પર





www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express Pvt Ltd
10+ U.K. : 170/-
30+ U.S.A. : 260/-
30 + CANADA : 340/-
ATARIA, The Business Hub, Shop No. B-32, 'KH-0', Sargasan 4 Roads, Gandhinagar. M. 9227706105
Preeti Mall, F-2, Opp. City Mall-2, KALOL. M.: 9227706105, 9898036257
chipsairinternational@yahoo.co.in

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82